ક્રમાંક.જીઆઇડીસી/ઇએનજી/પરિપત્ર / ૫૩
તા.૨૯/૦૯/૨૦૧૬.

# પરિપત્ર

**વિષય : સઘન અને અસરકારક સ્વચ્છતા અભિયાન ૨૦૧૬**

મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત નિગમની વસાહત અને કચેરીઓમાં સઘન સ્વછતા અભિયાનનો અમલ કરવા વસાહતના મંડળો અને નિર્દિષ્ટ વિસ્તાર સત્તા મંડળો ને પ્રોત્સાહન મળે તે માટે આ સઘન અભિયાનને અંતે મુલ્યાંકન આધારિત પારિતોષિકની રકમ થનાર પ્રોજેક્ટની વસાહત મંડળ કે નિર્દિષ્ટ વિસ્તારને હિસ્સે આવતી રકમમાં મજરે આપવા માટે સામેલ પત્રક મુજબ રૂ. ७७८.00 લાખની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

આ કામગીરી કરવા માટેના પરિમાણો પણ આ સાથે બીડેલ છે. સઘન અને અસરકારક સ્વચ્છતા અભિયાન અંતર્ગત તા. ૨૯-૦૯-૨૦૧૬ થી ૩૧-૧૦-૨૦૧૬ દરમિયાન સઘન અને અસરકારક સ્વચ્છતા અભિયાન યોજી સ્વચ્છતા અંગેની કામગીરી કરવી, કરેલ કામગીરીનો અહેવાલ અને ફોટોગ્રાફ્સ દરેક અઠવાડિયાને શરૂઆતે અને અંતે અધિક્ષક ઇજનેર (વ.ક) email address swachchatbhiyan@gidcgujarat.org પર મોકલી આપવા.

તા. ૦૭/૧૧/૧૬ થી તા. ૧૨/૧૧/૧૬ દરમિયાન ત્રીજા પક્ષકાર દ્વારા નીરીક્ષણ (Third Party Inspection) કરવામાં આવશે. આ નીરીક્ષણ, કામગીરી કર્યા અગાઉના ફોટોગ્રાફ્સ, કામગીરી કર્યા બાદના ફોટોગ્રાફ્સ વગેરેને આધારે મૂલ્યાંકન કરવામાં આવશે અને તેના પરથી આ પારિતોષિકો પ્રસિદ્ધ કરવામાં આવશે.

ઉપા. અને વ. સં શ્રી ની ફાઈલ પરની
નોંધમાં મળેલ મંજુરી મુજબ

કાર્યપાલક નિયામક (ઈ એન્ડ એ)
જીઆઇડીસી, ગાંધીનગર.

બિડાણ :- (૧) પારિતોષિકનું પત્રક
(૨) પરિમાણો (માપદંડ) નું પત્રક

(પાછળ જુઓ)

પ્રત

નિગમના દરેક અધિકારીઓ તરફ જાણ અને અમલ સારુ

નિગમની બધી જ વસાહતના ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન તરફ તેમની વસાહતો માં આવી કામગીરી થાય તેવું આયોજન કરવા સારુ

બહોળી પ્રસિધ્ધિ માટે નિગમની વેબસાઈટ પર

# સઘન સ્વચ્છતા અભિયાન અંતર્ગત પારિતોષિક

## પારિતોષિકનો પ્રકાર અને તેની રકમ

| ક્રમ | પારિતોષિક નો પ્રકાર | મોટી વસાહત | નાની વસાહત |
|---|---|---|---|
| ૧ | પ્રથમ પારિતોષિક | ૨૫.૦૦ લાખ (એક જ) | ૨૫.૦૦ લાખ (એક જ) |
| ૨ | બીજુ પારિતોષિક | રૂ. ૧૫.૦૦ લાખ / પ્રાદેશિક વિસ્તાર | રૂ. ૧૫.૦૦ લાખ / પ્રાદેશિક વિસ્તાર |
| ૩ | ત્રીજુ પારિતોષિક | રૂ. ૧૦.૦૦ લાખ / પ્રાદેશિક વિસ્તાર | રૂ. ૧૦.૦૦ લાખ / પ્રાદેશિક વિસ્તાર |

## કુલ પારિતોષિકો

| ક્રમ | વિગત | રકમ (રૂ. લાખ માં) |
|---|---|---|
| ૧. | સ્વચ્છતા અભિયાન ના શરૂઆતમાં આપવાની થતી પ્રતીક રકમ<br>રૂ. ૨.૦૦ લાખ પ્રતિ પ્રાદેશિક વિસ્તાર<br>પરિશિષ્ટ – ૨ મુજબ કુલ ૧૪ પ્રાદેશિક વિસ્તાર માટે ૧૪ X ૨.૦૦ = રૂ. ૨૮.૦૦ લાખ | ૨૮.૦૦ |
| ૨. | પ્રથમ પારિતોષિક રૂ. ૨૫.૦૦ (બે પારિતોષિક)<br>૧૦૦ હેક્ટરથી નાની વસાહત માટે રૂ. ૨૫.૦૦ લાખ અને ૧૦૦ અથવા ૧૦૦ હેક્ટરથી મોટી વસાહત માટે રૂ. ૨૫.૦૦ લાખ મળી કુલ રૂ. ૫૦.૦૦ લાખ | ૫૦.૦૦ |
| ૩. | દ્વિતિય પારિતોષિક રૂ. ૧૫.૦૦ લાખ (૨૮ પારિતોષિક)<br>કુલ ૧૪ પ્રાદેશિક વિસ્તારની ૧૦૦ હેક્ટરથી નાની વસાહત માટે રૂ. ૧૫.૦૦ લાખ અને ૧૦૦ અથવા ૧૦૦ હેક્ટરથી મોટી વસાહત અલગ અલગ પારિતોષિક પ્રતિ પ્રાદેશિક વિસ્તાર માટે<br>૧૪ X૨ X૧૫.૦૦ = રૂ. ૪૨૦.૦૦ લાખ. | ૪૨૦.૦૦ |
| ૪. | તૃતીય પારિતોષિક રૂ. ૧૦.૦૦ લાખ (૨૮ પારિતોષિક)<br>કુલ ૧૪ પ્રાદેશિક વિસ્તારની નાની અને મોટી વસાહતો માટે અલગ અલગ પારિતોષિક પ્રતિ પ્રાદેશિક વિસ્તાર<br>૧૪ X૨ X૧૦.૦૦ = રૂ. ૨૮૦.૦૦ લાખ. | ૨૮૦.૦૦ |
| | કુલ | ૭૭૮.૦૦ |

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

મુખ્ય ઇજનેર

# પરિશિષ્ટ-૪

## આ સઘન સ્વચ્છતા અભિયાનના માપદંડ નીચે મુજબ રહેશે

| ક્રમ | માપદંડ |
|---|---|
| ૧ | ઝાડી ઝાંખરાનો નિકાલ થયેલ છે કે કેમ? |
| ૨ | વરસાદી પાનીની ગટરની સફાઈ (SWD Cleaning) |
| 3 | વસાહતના ઘન કચરાનો નિકાલ(Removal of Garbage / Solid Waste) |
| ૪ | બહારની તરફની દીવાલોને સમાન રંગ (Common color code) |
| ૫ | વૃક્ષારોપણ (Tree Plantation) |
| ૬ | પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા તેમજ આવી આનુસાંગિક સેવાઓને લગતા બાંધકામો જેવાકે ભૂગર્ભ પાણીની ટાંકી, ઊંચી ટાંકી, પંપ રૂમ વગેરેની સફાઈ (Cleaning of ESR & Sump etc.) |
| ૭ | વસાહતનું નામ, વસાહતનો નકશો, શેરીના નામ દર્શાવતા બોર્ડને રંગ કરવા (Painting estate name board, map sign board, street name board ) |
| ૮ | દરેક ફેક્ટરી કે રહેણાંક પાસેથી દૈનિક ઔદ્યોગિક કચરા / ઘરગથ્થુ કચરો એકઠો કરી તેના નિકાલનું આયોજન (Door to door collection and disposal of waste) |
| ૯ | દરેક ઔદ્યોગિક / રહેણાંક એકમ કે મંડળી (society) પાસે કચરાપેટી મૂકેલ છે કે કેમ? |
| ૧૦ | કચરાપેટીમાં કચરો નાખવાની અને કચરાપેટીમાંથી કચરો ઉઠાવવાની વ્યવસ્થા કરેલ છે કે કેમ? |
| ૧૧ | રોડ-રસ્તા સાફ થયેલ છે કે કેમ? |
| ૧૨ | રોડ તેમજ રોડની બંને તરફની ખુલ્લી જગ્યામાં કોઈ અવરોધો / દબાણ છે કે કેમ? |